# B.ED. SEM – II EXAMINATION – 06 SEP 2019

## Course No- 8(A) : Knowledge & Curriculum

**Time : 2 Hrs.** **( Sub. Code :9096)** **Marks : 50**

---

પ્રશ્નઃ 1 પ્રશ્નની નીચે આપેલા ચાર વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. 12

1.1 "શિક્ષણ માનવને આત્મવિશ્વાસુ અને નિઃસ્વાર્થી બનાવે છે." – આ વ્યાખ્યા કોણે આપી છે?

A. મહાત્મા ગાંધીજી B. રવીન્દ્રનાથ ટાગોર C. ઋગ્વેદ D. યાજ્ઞવલ્ક

1.2 ગાંધીજી કેળવણીના કયા ઉદ્દેશ્યને મહત્વપૂર્ણ ગણતા?

A. આત્મનિર્ભરતા B. સફળતા C. જ્ઞાનની પ્રાપ્તિ D. મોક્ષ

1.3 શાંતિ નિકેતન સંસ્થા અત્યારે કયા નામથી પ્રચલિત છે?

A. વિશ્વગ્રામ યુનિવર્સિટી B. વિશ્વભારતી યુનિવર્સિટી

C. વિશ્વમિત્ર યુનિવર્સિટી D. વિશ્વ સંસ્કાર યુનિવર્સિટી

1.4 રવીન્દ્રનાથ કોને ઉત્તમ શિક્ષક માનતા હતા?

A. અનુભવ B. વ્યવહાર C. માનસ D. પ્રકૃતિ

1.5 લોકશાહી મૂલ્યોના શિક્ષણ દ્વારા શેનો વિકાસ થાય છે?

A. વ્યકિતત્વનો B. સમાજનો C. પ્રાંતનો D. જનસમુદાયનો

1.6 સર્વધર્મ પ્રત્યે આદર અને સન્માની લાગણી જન્માવવા માટે શું જરૂરી છે?

A. હકારાત્મક વલણ B. વ્યકિતત્વ વિકાસ C. માર્ગદર્શક સિદ્ધાંતો D. બિનસાંપ્રદાયિકતા

1.7 આધુનિકીકરણનું ઉદાહરણ કયું છે?

A. ATM B. PayTM C. Check D. Draft

1.8 માની લીધેલું સત્ય એટલે શું?

A. તર્ક B. માહિતી C. માન્યતા D. તાલીમ

1.9 પ્રશિક્ષણ અને તાલીમ વડે પ્રાપ્ત કરવું તેને શું કહે છે.

A. કૌશલ્ય B. તર્કશાસ્ત્ર C. સંવાદ D. અન્વેષણ

1.10 પરિવર્તન એ કેવી પ્રક્રિયા છે?

A. સ્થિર B. સતત ચાલતી C. આર્થિક D. સંકુચિત

1.11 જે. કૃષ્ણમૂર્તિએ કઈ શિક્ષણ સંસ્થા સ્થાપી હતી?

A. લોકભારતી B. સર્વોદય સંસ્થા C. શાંતિ નિકેતન D. ઋષિવેલી

1.12 ડૉ. આંબેડકરના મતે લોકશાહીનું મહત્વનું પરિબળ કયું છે?

A. ભાષા B. રોજગાર C. વ્યકિત સ્વાતંત્ર્ય D. ધર્મ

www.mkbuonline.com

www.mkbuonline.com

પ્રશ્ન : 2 નીચે A વિભાગમાં આપેલ બાબતો સામે B વિભાગમાંથી સાચો ઉત્તર શોધી યોગ્ય જોડી બનાવો. 04

| | વિભાગ A | | વિભાગ B |
|---|---|---|---|
| 2.1 | ગાંધીજી | A. | કેળવણી બહુસાંસ્કૃતિક હોવી જોઈએ |
| 2.2 | ટાગોર | B. | કેળવણી સમાનતા–સમન્યાયી હોવી જોઈએ |
| 2.3 | આંબેડકર | C. | કેળવણી પ્રકૃતિલક્ષી હોવી જોઈએ |
| 2.4 | જે. કૃષ્ણમૂર્તિ | D. | કેળવણી સ્વાવલંબી હોવી જોઈએ |

પ્રશ્ન : 3 પહેલી બે બાબતો વચ્ચેના સંબંધનું અર્થઘટન કરી, તે પ્રમાણે બાકીની બે બાબતોનો સંબંધ નિયત થાય તેમ યોગ્ય વિકલ્પ પસંદ કરો. 04

3.1 નેતૃત્વના ગુણ : શાળા સભા :: સમૂહ ભાવના : ?

A. પ્રવાસ B. પ્રાર્થના સભા C. સાંસ્કૃતિક કાર્યક્રમ D. હરિફાઈ

3.2 અનુભવોનું પાયાનું તથ્ય : જ્ઞાન :: જે જ્ઞાન જાણે છે તે વ્યકિત : ?

A. જ્ઞાતા B. જ્ઞાન C. તાલીમ D. માહિતી

3.3 શહેરીકરણ : વિભકત <u>કુટુંબ</u> :: ટેબ્લેટ દ્વારા શિક્ષણ : ?

A. વર્ગ વ્યવસ્થા B. ઔદ્યોગિકીકરણ C. સંસ્કૃતિ D. શિક્ષણ ટેક્નોલોજી

3.4 મનની લાગણી પ્રદર્શિત થાય : માન્યતા :: જે તે સમયની અને ચોક્કસ હોય : ?

A. તાલીમ B. તર્કશાસ્ત્ર C. માન્યતા D. માહિતી

પ્રશ્ન : 4 નીચેના પૈકી કોઈપણ <u>બે</u>ના, દરેકનો 200 શબ્દોમાં ઉત્તર લખો: 10

4.1 સહઅભ્યાસક પ્રવૃત્તિઓનું મહત્વ શાળાઅભ્યાસ સંદર્ભે સમજાવો.
4.2 ‘સૌને સમાન ન્યાય’ – આ સંદર્ભે ડૉ. ભીમરાવ આંબેડકરના મતે લોકશાહી અંગેના વિચારો વર્ણવો.
4.3 ગાંધીજીના કેળવણી અંગેના વિચારો કેવા હતા?

પ્રશ્ન : 5. નીચેના પૈકી કોઈપણ <u>ત્રણ</u>ના, દરેકનો 100 શબ્દોમાં ઉત્તર આપો: 06

5.1 આધુનિકીકરણ એટલે શું?
5.2 જે. કૃષ્ણમૂર્તિની દૃષ્ટિએ સાર્વત્રિકતા એટલે શું?
5.3 તાલીમની સંકલ્પના સ્પષ્ટ કરો.
5.4 સંવાદ એટલે શું?
5.5 જ્ઞાનમિમાંસાનો પરિચય આપો.

પ્રશ્ન : 6. નીચેના પૈકી કોઈપણ <u>એક</u>નો સમીક્ષાત્મક કે પૃથકકરણાત્મક ઉત્તર 200 શબ્દોમાં લખો: 04

6.1 આધુનિકીકરણને લીધે સમાજમાં કેવાં કેવાં પરિવર્તનો આવ્યા છે, તેની સમીક્ષા કરો.
6.2 બીનસાંપ્રદાયિકતાની સંકલ્પના સ્પષ્ટ કરી તમે બીનસાંપ્રદાયિકતાનું શિક્ષણ શાળામાં કેવી રીતે આપશો? જણાવો.

પ્રશ્ન : 7 નીચેના પૈકી કોઈપણ <u>એક</u>નો 500 શબ્દોમાં ઉત્તર આપો: 10

7.1 ‘પ્રકૃતિ તરફ પાછા વળો’ – આ વિધાન સંદર્ભે ટાગોરની બાળ શિક્ષણ પદ્ધતિ અંગેના વિચારો વિગતે રજૂ કરો.
7.2 સંસ્કૃતિ એટલે શું? તેનો અર્થ–સંકલ્પના સ્પષ્ટ કરી, સંસ્કૃતિને અસર કરતા પરિબળોની ચર્ચા કરો.

www.mkbuonline.com